


વેદાર ...
...ક બાનુઓ
ખરચ

ઉપલા મંડળ તરફથી-શ્રી બેરામજી જીજીભાઇ કોલેજ

મુન્બઇના વિદ્યાર્થિઓને કસરત પછી દુધ આપવાના ફંડમાં-સર કાવસજી હોલમાં તા૦-૧૭-૧૨-૨૨ ને દિને કરવામાં આવેલા **મનમોજ** ના મોજીલા મજાહના પ્રોગ્રામની કુલ આવક, ખર્ચ બાદ કરી આપી દેવાઇ છે.

પ્રોગ્રામની વિગત-મોનાજાત-અહુરાની આરાધના-સંપનું સંગીત-મધુરાં વચનોનો બિઝારા-મુસીબતમાં મોજ-સરપેનટાઇન ડ્રીલ—Figut for the Rightsનું બોક્સ ફુટબોલનું અંગ્રેજી શબ્દોમાં સંગીત પારસી બૈરાદરીની દેશી કુસ્તી, જેની હરી-ફાઇમા રૂપાનો ચાંદની ભેટ. બાળકીઓનો મોસમની મજાહ-ઓનો સંગીત સાથે સંવાદ-સ્કોલ-બુંડીનું તોફાન-અઠવા ધર્મ જય-તથા બીજાં ધર્મ સંગીત ઇત્યાદી—

કર્તા **હરખીસ**

બિનોઈ મુબાહ-કુચાનિ કિતેન-મશુરિકા બાવિક બકિત-
શેરશની (યા પાક રિપતાબા જરથુસ્ત્ર સાહેબની જીંદગીનો અહેવાલ)
૫ ગીત-(લગન-નવજોતના ગીતો,) બાજદીયરની મોનાજાત,
ફરેસ્તા યાને દરરોજની મોનાજાત-હિંદના દાદા- સંજાણની
યાને આતશની બુલંદી-નસીબનો નાઝ વાર્તા (શેઠ મુકાદમ
મોહન મેહાલ વાર્તા યાને સંસાર કે સ્વપ્નનસિંગાર-સ્વામી
શાહુ જ મશોદ રાગ કે વૈરાગ-વાર્તા-સરોશની સેવા-જીંદગી-
ભાણુ ઇત્યાદીના કર્તા- “ હરમીસ ”

આ પુસ્તક ધી જમશેદજી નશરવાનજી પીતીત પારસી ઓરફનેજ કેપટન
પ્રિંતિંગ વર્કસ, નંબર ૧૪૧, લાલબાગ, પરેલ, મુંબઇમાં મી૦ મેહેરજી
બેરામજી મીઠાઈવાલાએ છાપ્યું છે, અને મી૦ હોરમસજી
શેરાબજી ભાસ્કીએ દીસોઝા બીલ્ડીંગ, ગોવાલ્યા
તલાવ મુંબઇ મધે પોતાને માટે પ્રગટ કીધું છે.

૧૯૨૨

પાક અહુરા ! અમારા બે બોલ.

પ્રિય દિનદારોની નજર સામે, આજે મનમોજનું વિસમું પુસ્તક અતિ માન હિત સાથ ધરૂં છુ—અને એમ ધરતા ખુલાસો કરવા રજા લઇશ—

મનમોજ—યાને, મન પોતાની મનાઈ કેવા પ્રકારની લીયે છે, તેનો વિસ્તાર કરતાં પાના ભરાય, પણ આ મનમોજ ટુંકી અને જુદીજ જાતની છે, જ્યાં ભલા જરથોસ્તી બેહનો અને ભાઈઓએ, બીનસ્વાર્થ સેવા કરી છે. મન ઉંચા ભાવની મનાઈ લીયે છે. અને દીયે છે— આ મનમોજ, જેમા વિસ્તાર થયેલા બજવાતા ભાગો. દરેક જાતની સાદી કળાના પ્રસંગો દિપાવે છે. સંગીત, અંગ બળ અને ધર્મશાજે સબળાઓ, નબળા માટે હિતવંત સેવા કરવા યત્ન કરે છે. બે સ્કીટ જે, એ મનમોજના જુદા ભાગો છે, તેમાં તુંડીનું તુફાન, ફાની ગુરૂરને જેર કરી, કહેરને દયા મયા, અને પ્રિત ભાવમાં ફેરવી, પોતાના પેદા કરનાર પાકઅહુરા તરફની ફરજમાં, ગરજવંતની ગરજ સાચવવામાં ફરજ સમજી મોજ લીયે છે. તેમ ધર્મજય, ઉપરજ મોજ અને હિત રાખનાર, પળવારની નવિન અજાયેબીમાં, ધરમનું ચેન સુખ અને ચેનમાં ફેરવી, મોજ દીયે છે, અને લીયે છે.

આ મનમોજ, આજે માઝદીયસ્ની મ્યુઝીક મંડળ તરફથી, તાબેદાર પ્રગટ કરે છે, અને મનમોજના પ્રોગ્રામમાં સમાયલી રમુજને, કોમહિતકારીક બાનુઓ અને ગ્રહસ્થો આગળ ધરી તે મેલાવડાની કુલ્લે આવકમાંથી મેલાવડાનો ખરચ બાદ કરી શ્રી બેરામજી જીજીભાઈ કોલેજ યુનયનના વિદ્યારથીઓને કસરત (ફીઝીકલ કલચર) પછી દુધ આપવાના ફંડમાં આપવા ધારી છે. જે ધારણા અહુરા, સબળા ભાઇ અને બેહનોના ભેગાં બળથી પુરી પાડશે.

આ પગલુ પુરબર થવા માટે, માઝદીયસ્ની મ્યુઝીક મંડળના, દિલસોઝ સભાસદોનેજ દુવા તથા આભાર લાયક થયો છે, તેઓના ભેગા દિલસોઝ આસરાથીજ, એ સંસ્થા આગળ વધારવા હોંશ દીયે છે. આ મંડળમાં દાખલ થવાનું વાર્ષીક ફી રૂપીઆ સાતની છે, અને દાખલ થતા, દરેક સભાસદ પોતાના પ્રિય મરહુમનું એક નામ આપી શકે છે, જે ભલા અષોનું નામ ધાર્મીક ગંભીરાઇ સાથે જશન વેળા લેવામાં આવે છે. એ ઉપરાંત, ગરીબ બહેન અને ભાઇઓ તરફની ફરજ બજાવવામાં ઉપલુ મંડળ કોશેશ કરતી રહી છે, કરે છે, અને કરવા ઉમંગ રાખે છે, જેમાં સર્વે દિનદારોનો, દિલસોઝ આસરો ચાહે છે...

મંડળમાં જોડાયલા બાનુઓ, અને ગ્રહસ્થોએ પોતાના કામ માટે, નામની જાહેરાત માંગીજ નથી, અને તેમજ આજના સુભ મેલાવડામાં, ભાગ લેનાર અને તેને હાર પાડનાર સરવે બાનુઓ અને, ગ્રહસ્થોએ, પોતાના નામો નહીંજ જાહેર કરવા હોશજ રાખી છે, પણ તે બધાનો નેક ફાલો જે, આ કામ માટે મળ્યો છે, તે માટે પ્રથમથીજ, ખરા અંતકરણથી, માઝદીયસ્ની મ્યુઝીક મંડળના સરવે દિલસોઝ સભાસદો તરફથી આભાર દર્શાવી રહુ છું.

મનમોજ તા૦ ૧૭-૧૨-૨૨ ને દીને
સર કાવસજી હોલમાં બજવાશે.

સદા સેવક,
હરબીસ.

પારસી મા બાપોને ચેતવણી

તેમની **ગંભીર ભુલ-ભુલનું ખરૂં મુળ** ક્યાં? પચીસ વર્ષના, બી. એ. બુચાજી બનાવવામાં! **જર અને જોર** ખરચી, **તન અને મનને** નાહક ઠાકવી બી. એ. બનાવી, આખર, થોડીક **કમાઇ માટે,** વગર મેટ્રીક **થયેલા,** પણ વેપારી લાઇનના એકાઉન્ટન્ટોની તાબેદારી કરાવવી! એવા Machine made **ગ્રાજ્યુએટ કરતાં,** સારાં અંગ્રેજી શિક્ષણ **પછી–વેપારી લાઇનની કેલવણી**–દશ વાર **ભલી** નિવડશે! જેની **ખાતરી** Tutorial commercial class આપવા તૈયાર છે.

કૉમર્સ યાને વેપારી લાઇનનું શિક્ષણ ઘણીજ સરસ અને ઉત્તમ તાલીમથી આપ્યે છૈયે.

અમારી ખાસ દેખરેખ હળે તાલીમ લઇ, **વેપારી વિદ્યાર્થીઓ** સકમાઇમાં પડયાં છે, તેજ અમારી **મૂળ નેમ,** સચ્ચી સેવાની પિછાણ **થઇ** પડી છે. ૩૧ **ઓગસ્ટ સુધી વિદ્યાર્થીઓને** દાખલ કરી બુક-સની–અને આદીત–મા વધારાના ખાસ શિક્ષણ, ઉપર **મી૦ માણેક બનાજી પોતે મહેનત લઇ,** તેઓને તૈયાર કરે છે.

બી. એ. ની ડીગ્રીના ધખારાને પડતો મેલી, થોડી **મહેનત યા સહાસીકપણાનો** સીલ, દિલમાં આમેજ થવાથી, પોતાના પગ અને બબાપી સ્વતંત્ર ધંધામાં ઝીપલાવવા માટેનું **ઉત્તમ સાધણ** તે **વેપારી કેલવણી** છે કે જે માટે મી૦ માણેક બનાજીથી (F. N. F. A.) થી ચલાવવામાં આવેલો Tutorial Commercial Class **ગ્રાંટરોડના** રેલ્વે અને ટ્રામ સ્ટેશનથી બે મીનીટમાં જવાય એટલો દુર છૈ.

ચાર વખત આખ્ખા હિંદુસ્તાનમાં સૌથી વધુ ફતેહમંદ ઉમેદવારોને પાસ કરાવવાનું માન ધરાવે છે.

બીજુ બે વાર લંડન ચેમ્બર ઓફ કૉમર્સની ચડતા વર્ગની પરીક્ષામાં મી૦ બનાજીના વિદ્યાર્થીઓ, લંડનમાં ઇનામ મેળવી ગયા છે.

પાક અહુરા-મનમૌજ.

અહુરા પર આધાર.—પ્રથમ બંદગી.

હરદમ સુખને નિભાવશે—એ અહુરા સો સંકટને કપાવશે—એ અહુરા=હરદમ
ગમની ધાર—દુખની ભાર—એ ધરતી પર હાલે, આલે, ડગમગ ચાલે
તે સઘળું તું તારવશે—એ દાતા=હરદમ
મુજવણની તું સુજવન પાડે મુજ મન હર્ષે (પુરૂ) જ્હાં હરખાય
કષ્ટ, પાપનો આરંભ ટાળે નાશ બદનની ચિંતા હાલે
હિતથી પ્રિતથી ચિત્તથી જીતથી તારવનારો તું દાતા—એ દાતા
સતવંત સંબંધ સાચવજે—એ દાતા=હરદમ

સંપની સીફત.

આવો ગુણી ! આવો ! આવો ! ખુશાલી કાજ રંગ રાગ લાવો !
બેહનોને પ્રેમ સાથે પાળો=ખુશાલી કાજ રંગ રાગ લાવો !=આવો.
સંપ વિનાનું એક, સુખ નથી બહેની
ઐાખ્ય, સંસારે છે કહેની, કાંઇ એથીને, ચઢતું ને ઉચું કશુએ કાજ
જેમાં ભરી લજ્જા લાજ, સુખી સાજ જ્હારે ચિત્ત ભારે—ધીર ત્યારે=ખુશાલી.

મધુરા બોલનું બોલ રાગ--ભીમપલાસ.

મધુરા મધુરા રસ બોલના રસ બોલના લલ લોલના=મધુરા.
સંપ સાથે તમે હુમત ગાવો, હુખ્તને પ્રેમ ભાવે નિભાવો
હુવરશતે કાર્યો રચાવ, થાય જરથોસ્તની નામના=મધુરા.
માન મનશની દીન દીપાવ, ગવશની ગુલહાર બનાવ
કુનશની પે રાખ સદા હિત, મ્હજબની ઘર મ્હાનતા=મધુરા.

મુસીબત મૌજ છે.

મુસીબત મનને પ્યારી છે, સદા તે દોસ્તની યારી
સદા તે કષ્ટે ભારી છે, મુસીબત તેની બારી છે.=મુસીબત.
મુસીબત જો અરે દાબે, ગમીની ચાલની તાબે
જગતમાં તે સિવા બાઇ, કહો શી ચીજ પ્યારી છે,=મુસીબત.
મુસીબત સે અરે શીર પર, ફીદા થાવો પટકના જાન,
મગર તે અહુરને ખાતર, મીઠાસે ઐાર પ્યારી છે.=મુસીબત.

માઝદીયસની મહૂબતપર મહોબ્બત.

કરૂં જાન હું નિસાર, ધરૂં પ્રાણ હું નિસાર-
મ્હારા અહુરાએ દીધી છે જરથોસ્તી દીન,
ત્યાં રાખું મન મ્હારૂં-ત્યાં થઇ દીલ સારૂં-મ્હારૂં હઇડું તેથી રહે ખરે નચિંત=
ધર્મે ટેક રાખો-ન લાવો કશો વિચાર.
તેના વિના શુભ મળે ન સાર, તમો સમજો છો સ્યાના, ધર્મે મોતીના દાના,
ખોલો ધર્મના પાના-તમે વાર વાર વાર-વાર વાર વાર-હરદમ હરબાર=
સમજ છે સાદી, ભર્યો ઉંચો ભંડાર.
ભંડાર શોધો ન જડશે કોઇ પાર, દીલ માની પડો, ઘણું ધ્યાને ભરો,
તેનું ધ્યાન કરો, તમે વાર વાર વાર-વાર વાર વાર, હરદમ હરબાર=કરૂ.

FIGHT FOR THE RIGHT.

Right Oh, Right we will fight for the Right,
Might is N't right we must keep all in sight
Truth is the star which guards us the Right,
Fight we assure, we shall fight for the Right—! Right

Help, help, help, is the key of our file
Shun, shun, the path which the wrong side guides,
Love all the weak , tend all the sick,
Pull off as you can all the darkest sights
Find all the lights to fight for the right?—Right

Love is the goal for all mankind
Hope is the chain which binds all the minds
Love to the king peace to him sing
Fill all the sacks with Truth, Hope, and Right.
Help, Oh, Lord to guard all the Right?

મોસમની મજાહ!

ગુલા—ઓહો ડાળી, આજે કાંઇ વહેલી ચાલી?

ડાળી—હા એમ છે ખરૂ, હમણા આપણી કોલી આવનાર છે અમો સાથે આજે બહાર જવાના છીએ-જો પેલી આવી

કોલી—કેમ ડાળી તૈયાર છો? ઓહો ગુલા, તું ક્યાં? અમારી સાથે આવશો?

ગુંલા—ક્યાં જવાના છો

કોલી— આજે માઝદીયસની મ્યુઝીક મંડળના મેલાવડામાં-મહારે વરસાદ માટે કાંઇ ગાવાનુ છે

ગુંલા—મરે મને પણ ત્યાંજ જવાનું છે-મ્હારી મોસમ ઠંડી માટે છે. વ્હાલી ડાળી, ત્હારૂ પણ કાંઇ સંગીત છે કે?

હાળી—હા ગુલા–મ્હારી મોસમ ગરમી માટે છે.

ગુલા—મરેરે ગરમી ! મુવુ મુંજાઇને કબાબ થઇ મરવાનુ, મને તો ઠંડી ઘણી ઇઇઇજ ગમે–

હાળી—ના બા ! મ્હારા તો બધા હાડકાં કળે. વ્હેલુ ઉઠાય નહી અને, ઠંડીમાં થઠડવુ પડે !

કૅાલી—મને તો બા બધામાં વરસાદજ ગમે.

હાળી—કાંય !

કૅાલી—તો ભારે વરસાદ આવે કે સલેખમ થઇ આવે, અને નિશાળમાં જવાની પંચાતજ ટલે, તેથી બા હુ તો રોજ વરસાદ માંગીશ.

હાલી—અરે ગાંડી, સલેખમ આગળ વધ્યો, તો સનેપાત થાય અને આપણો જીવ પછે તાત થઇ જાય–માટે ગરમી સારી–સુંદર તેકડી પર જવાય–માથેરાન મહાબ્લેશ્વરની ટ્રીપ થાય, અને બંધી મજાહ ! મજાહ ! મુવુ વરસાદમાં તો ગળે ગલપતા બાંધી ઘરમાં ભરાઇ રહેવાનુ થાય

ગુલા—ઠંડી સૌથી સરસ–બસ ખાઇએ ખાઇએ, ને ભુખની ભુખ ! ઉંઘતો એવી આવે, કે જાણે હમણાંબી કેડે જવાનુ ન હોયતો ઓઢીને, ઘોઠાંઇ જાઉ ?

હાળી—વારૂ ચાલ કૅાલી, ત્હારા વરસાદનું સંગીત તો સંભલાવ !

કૅાલી—આપો નાથ, રોજ વરસાદનુ રાજ—રોજ ભીનાઉં—ખુશી થાઉં=આપો
ઓવરકોટ ને અમબ્રેલાથી—બનુ હું તો એસકી ટાટ
વીજળી પાણી ચમકારાને—સાંભળું સાથે ગડગડાટ.
થાય સનેપાત—જાયે સ્કુલની પંચાત—આપો

હાળી—સંગીત તો ઠીક છે—પણ, ગુલા હવે, ત્હારૂ ઠંડી માટેનું ગીત ચલાવ !

ગુંલા—લાગે ઠંડી પ્યારી—લાગે ઠંડી પ્યારી ત્રણે મોસમમાં એ સૌથી સારી–
મોડું વળી ઉઠવાનું—ને ખાઉં જેલી પફ
મેથી અને બદામ પાકની—માયજી માંડે સફ
ગળે શૅાલ બાંધીનેબી—ખાઉં ઝપાઝપ=લાગે

હાળી—હવે હું મ્હારી ગરમી માટેની સીફત ગાઇશ—

ખુશી બા, મને ખરીતો–ગરમીમાંજ થાય દોઢ માસ ખાસ્સી મારી સ્કુલ બંધ થાય તેજ મારી બીન ફીકરની પહેલી મોજ ગણાય. માથેરાન ને મહાબ્લેશ્વરની ટેકડીપર જવાય આંબા–જાંબુ–ને સંનતરા વાહ ! આંઇસક્રીમ સાથ ખવાય—(લેમન) લેમલીટબી
પીવાય—ખુશી બા—

કોલી—ચાલો બ્હેન, એ વધુ ઠીક છે, હવે આપણે જઇશું, પણ વ્હાલી બ્હેનો, જેમ, મને, તમારી, અને, તમોને મ્હારી સાથમાં વ્હાલ છે, તેમ, ત્રણે મોસમની મજાહમાંજ, આપણી જીંદગીની મોજ છે. દાદારજી કરે, ને ત્રણે મોસમ બધી બરાબરજ ચાલુ રહે—ચાલો !

અહુરનોજ સર્વે નાદ છે=

જગ જીવણમાં માન ભરીલે-પ્રેમ પુકારી સાવ.
જગ જીવણમાં એક પ્રલય જીવ—એ ધીરજનો લહાવ.
મન તું માન અહુરનો ભાવ. રાત દીન નામ હરીજન ગાવ.=જગ.
ડગડગ દિલ ન લાવ. ગરીબના સુખ સંપત નિભાવ.
લાલ હાલ પર આજ ચકિત ચિત્ત ફાલ કુસંપી દાવ=મનતું
જગ જંગમાં તંગ હાલ રહેના—લે સત સંગ સુભાવ.
જાવ કદિના કષ્ટ ભષ્ટમાં—સઇ હરનામ હરખાવ.=મનતું.

આસાવરી

પ્રકટ બીચ ઉર મોરો આંનદ ભાયે મોરી ચાલ ચલણ આજ સુધ્ધ બની=પ્રકટ
પરમ લોભ અને પરહંશ ત્રાસે, જગત કેવળ શ્રાપ થયો—
હર કામે થાપ કરી—ઉલ થાપનો અથાહ થયો=પ્રકટ
ક્ષણ સુખે ભવ ગુમાયો—સેવટનો ત્યાં લય આયો
ભયે સામો (જો) સીર લાયો—સાથે અહુર વિસરાયો— વળી=પ્રકટ

અહુરની આશામાં માન અને જાન છે.

મ્હારા અહુરની, આશ ધર મન—આશ ધર મન, બહેમન પરમન
દીધો તેને—ગેતીમાં હીરો—છે જરથોસ્ત્રા, ફીદા આ, તન ધન=મ્હારા
આતશમા તેને દીન દિપાવી—મીતો સાથે—કીધા ગણ ગણ=મ્હારા
નામ લેતાં—ઉમંગ ઉછળે—મ્હારૂ મન તન, ધન, ત્યા અર્પણ=મ્હારા
યઝદાનો આ મઝહબ મોટો—બળતો રાખો હમદીન સુજન=મ્હારા

ગુંડાઇનુ તોફાન—યાને—કર ને જો!

ઓરડાનો દેખાવ—અપ ટુ–ડેટ ફાંકડો—ન્યુસમાંથી ધ્યાન કાઢતા બીડી સલગાવવાની કોશશમાં. નિશફળ નિવડતો.

જાલ—યારો! મુંબઇ નગરીની ધમચકીથી ચિત્ત ખરેજ ચકભમ તો શું, પણ ચકમજ બનતું ચાલ્યું. હજી તો વારસો મળશે ક્યારે, અને આવશે ક્યારે, તેટલાં મુજ જેવા નવાસવા સેઠયાની આગળ, મતલબી મછ્છરોના ટોળેટોળાં, ડોળાડોળ કરી રહ્યા છે. વારસો આવે તેટલાં, રૂપીઆ તો ધુમ ઉછીના લેતો ફરૂંચ, અને હજારના દાવમાં દશહજારની હુંદી મેલવવાની હોશમાં, સામો વ્યાજખોરાના હાથમાં મુંડી આપતોજ જાઉંચ! કીસમત! કીસમત! ત્હારી આગળ હિકમતની કિમ્મતજ નથી. પૈસા વગર નગરીમાં ડગલું હિલાતું નથી. ફેશનના પછાડામાં, પડ્યા, એરીસટોક્રેટીક દોસ્ત મેળવ્યો, પણ નખ્ખોડગીયો, ફેશન દેવીના પ્રાક્રમ શિખવવા, કોમપ્લીમેન્તના કાપ તો એવા મુકેચ, કે, મોટાની સુજમા, મરે નહીતો માંડો પડે, તે કહેવતમાં હું ક્પાઇ જાઉંચ! ખરે, એબી દિવસ ચાલ્યા, પણ, વારસો મલે ત્યાં સુધી પૈસા વગર, દિવસો કેમ પસાર થશે? સીપલા શાઇલૉકનો કાંઇ હ્યાં ટોટો નથી, પણ વ્યાજથી એજાર થઇ ચાલ્યો. હા પૈસા! પૈસા! ત્હારો અજબ બહાર છે!

પૈસાનું પૂંજન=ભૈરવી.

ખરે પૈસો, કરે જગદવાર, સીતારો શુક્નો યારો
વિના પૈસે, ભરો ઘર બાર–ધુળોના ઢગનો ભારો–ખરે
ખરે પૈસો ક્પાવે દુખ—અડગરાનું દિપાવે તાજ
ગયા હો લાજ ને જો માન–સુજાવે દ્રવ્ય, ત્યાં ચારો=ખરે
ગમે હો રૂપ, યા ખુંઢ ખોડ–કરાવે જર અજાએબ તોર
ગમે હો નેહસ્ત, ને ક્રોધી–નઠારો થાય છે, સારો=ખરે.
ખરે પૈસો પૂંજાવે છે–નગુણો હોય અરે ભોળી
ચમકતી એ ભરી છે જામ–બલે ખોટું તમે ધારો=ખરે.

(પગલાનો અવાજ)

જાલ—અલ્લો મ્હારો દોસ્ત "જીમ" આવેલો લાગેછ! કમ ઇન! કમ ઇન! (જીમને આવતા જોઇ) કેમ ડીયર જીમ કંઇ ઘણી વાર લાગી? કેમ કેટી કયાં છે?

જીમ-કેટી! કેટી કોણુ? તું કોણુને વાસ્તે બોલેચ-જાલ!

જાલ-પેલી કોઇ કેટી વીશે, તું બોલતો હતો, કે જ્યારે તું આવે ત્યારે સાથે લઇને આવશે.

જીમ-ઓ માઇ ડીયર ફૂલ! યુ આર એ રીયલ ફૂલ!

જાલ-કેમ જીમ, છેક ફ્રાસ્ટ ચાલ્યો કે!

જીમ-તો ફૂલ નહી તો શુ! હું ગમે એટલો તુને સુધારવા કોશેશ કરૂંચ, પણુ તું ત્હારી અસલ જાત પર જાયેચ! દિકરા! તુને ફેશનેબલ કવારટર્સમાં દાખલ થતાં હજી ઘણાં મહીનાઓ નિકલી જશે. એવી એબલગામની કાતરીઆ ગૅપ ઓલ્ડ ટોળીમાથી, તુને ચોખ્ખો કરતા, મ્હારા લોહીનુ પાણી થશે. તું કેટી માટે શું સમજેચ?

જાલ-હું એમ ધારંચ કે, ત્હારા કોઇ દોસ્તની બેહેન, દિકરી, યા કોઇ ત્હારી માસી કાકીની થતી હોશે-! બીજુ શું?

જીમ-(હીહીહીહીહીહી-ઓ આઇ સી-હીહીહીહીહી, હવે હું સમજ્યો! અરે મ્હારા સુધરતાં જણાવર! તે કેટી કાઇ ખુબસુરત બાનુ નથી. તે તો મ્હારી નવી લીધેલી ઘોડીનું નામ મેં તુને કહયું. મુર્ખા, કયારે સુધરશે! એ તો સારૂ થયુ કે, આપણા બે વચ્ચે વાત છે.

જાલ-અને નહી તો!

જીમ-નહી તો શું? અરે આપણા ફેશનેબલ મંડળમાં, એમ બોલતા, એવુ ઝટ સમજી જઇએ, નહીતો, બધા, ત્હારી લેવરી કરે લેવરી! એ તો તુ નવો સવો એટલે એમ થાય! જો, તે દિવસે, તુને મીસ લેઝીમામ સાથે ઓલખ કરાવી, તો હાથ આપવાને બદલે, તું એટલો ગુંચવાઇ ગયો, કે, ત્હારા હાથમાંની વોકીંગ સ્ટીકની મુઠ તુંએ તેણીના હાથમા આપી દીધી.

જાલ-પણુ એવી ગફલતી થાય તેથી શું થયું!

જીમ-અરે ભલા, ત્હારા દાંડા ગણાઇ જાય, તેઓ તરતજ ચેતી જાય કે કોઇ કાગરાજી મી. મોરના પીછામાં ગુસ્યા છે.

જાલ-(જરા નરવસ થનો બાજુમા ઉભો વિચારતો હતો) ત્યારે શુ તમારા બધાના અંગપર સાચ્ચોજ લેબાશ છે! ખરેજ ત્હારા મંડળનું નગારૂ વજાડતા, મારી તો ખાલજ નિકળી જશે, તેમ લાગેચ.

જીમ-ખાલ નિકલી તો શું ? અરે ખાલ નિકલી તો શું ? પૈસાથી બીજી પહેરી લેવી. એરીસ્ટોક્રેટીક હાલતમાં જઇ, ઉંચ જાતિનો ફુમાસ પારખતા પછી ક્યારે શિખશે ? વારૂ ચાલ-મહાબલેસ્વરની ટ્રીપનુ શું કર્યું" ?

જાલ-હુ તો તૈયાર છું.

જીમ-પણ ત્યાંનો ટૅાગ તૈયાર કર્યો કે !

જાલ-ડૅાગ ! ડૅાગ તો ખાવા કેહો સોજ્જે મલતો નથી.

જીમ-અરે ઓ ગાવડી, ડૅાગ શાનો સાથે લેવા માંગેચ ! ટૅાગ ! ટૅાગ ! એટલે કે ત્યાં પહેરવા ઓઢવાનો સ્ટાઇલીશ ડ્રેસનો સ્ટોક !

જાલ-તે એમ બોલી મરની ! હું સમજ્યો કે, વળી કોણુ ટૅાક ગલામાં હોમાવવા માંગેચ ?

જીમ-પણુ મ્હારે વાસ્તે પૈસાનો બંદોબસ્ત કર્યો કે ?

જાલ-મને પોતાને એટલી અડચણુ છે, તે જેમ તેમ પતશે, તેટલા ત્હારે માટે શું કરૂં !

જીમ-ભલે તું એખલો જા ! (વેલ ગુડ બાઇ)

જાલ-પણુ એટલી વાતમાં ચાલવા કેમ માંડ્યું ?

જીમ-જાલ ! જાલ, તુ કમઅકકલી છે. જ્યા પૈસા નહી, ત્યા મ્હારૂ મંડળ નહીં, (વેલ ગુડબાઇ)

જાલ-વારૂ ચાલ, ત્હારા પૈસાની બી દવાઇ હુંજ કરીશ.

જીમ-ઓ ભેવો ! એવો ! ખરેજ લોક કહી ગયાછ, કે જાલની અકકલને કોઇ પુગશેજ નહી, ત્હારૂં બી ભેજું છે તો બળવાન, પણ, નાનપણુથી, તું ગરીબાઇમાં રહેલો, તેથી કાટ ખાઇ ગયું, અને હમણા હમણા પાછું, અમારા મંડળથી ખિલવા માંડ્યુંછે. ચાલ હવે હું જાઉંચ-તું ટાઇમસર સ્ટેશન પર આવજે.

જાલ—(જતા પછી) બચ્ચા ! પૈસાનો વારસો હાથ આવવા દે, ત્હારા તાણા અને ટપલાને શાઇલૉકને વીસરાવે એવા વ્યાજ સીકકે ત્હારૂ મસતક ઠેકાણે લાવીશ. (કોઇ ઓરડામાં આવી ઉભુ તેને જોઇને) કેમ રૂસતમ, તું કાંય પાછો આવ્યો !

રૂસતમ—લાચારી !. લાચારી ! બેકારી ! બેકારી !

જાલ—કેમ કાઇ નાટક કરવા આયોચ કે ! ભલા આદમી, તું એકટર થયો હોતે તો ઠીક પૈસા મેલવતે !

રૂસ્તમ—જાલનું નામ ધરાવી અક્કલનું સારૂં કામ કર ! કેકડી કરવાનું છોડ, અને મ્હારી મુશકેલી ટાળ !

જાલ—રૂસ્તમનું નામ રાખી, ભીખની શેખી ! હેંમતન માફક, ફોલાડની જમીનને ભાંગી ત્યાંથી ઝર મેલવવાને બદલે, ભીખ માંગી ખરમાં ક્યાં ખપે છે ?

રૂસતમ—કારણ, જમાનો બદલાયો છે ! પોતાનાં હતાં તે પારકાના થતા પણ, દયાહીણ થયા છે. સગા માટે, તેઓના કાન પુરાઇ ગયા છે ! ગરીબનું નામ સમજતા, તેઓની સુજ દબાઇ જાયેચ ! પોતાની મતલબમાં હઝારોનો ધુમાડો પળમાં કરેચ, ગરીબાઇને ટાળવા, એક પાઇ આપવા, તેઓના દાતમાં કળતર થઇ આવેચ.

જાલ—શું મ્હારે ઘરે આવી, ભીખ માંગતા, પણ આવી શેખી !

રૂસતમ—શેખીબી નહી, અને તેજી બી નહી, ફક્ત હીણપરતીની ફજેતી અતકાવવા, ત્હારી, ઓ મસીઆઇ ભાઇ ત્હારી વેળાસરની મદદ માંગવા આયો છું ! મ્હારી બેકારી ટાળ, મ્હારા હાલ ઘણા તંગ છે, કંગાલ્યત સાથે જંગ છે, તેમાંથી છોડવ ! અને ઇરાન વંશના, આવા બેકાર થયેલા ગોહરને, ધુળમા પડ્યા છે તેમાંથા બચાવી લે ! કેખસરૂની કીર્તીમા વધારો કર ! ભુખા રૂસ્તમને, અકકલમંદ જાલની ઢાળમાં વેળાસર સમાલી લે !

જાલ—ચાલ હઠ ! ત્હારી ચાપલોસી છોડ ! તુંજ કે જેને મ્હારી પીરોજાને તફડાવી—

રૂસતમ—તફડાવી નથી, પણ પ્યારના અખંડ વિશ્વાસની આશામાં મેં જીતી છે. તેણી મ્હને ચાહતી હતી, એમાં વાંક હમારો નથી. કિરતારની કરામતના, એ પવિત્ર પ્યારના સાચ્ચા ધોધમાં, અમે સાથે રહયા, એમા ખોદાનો હાથજ છે, એમ ખુશી થા ! પવિત્ર જોડા ઉપર મયા રાખ, કે જેમા ખોદા ખુશી હતો, તેવા જોડાનો તું મદદગાર થયો, જેથી મીનોઇના મથમા ત્હારૂં નામ લેવાશે !

જાલ—નહી બનશે ! નહી બનશે ! બેવકુફ, પાસે પુરતા પૈસા નહી, છતાં પીરોજાને પરણી બેઠા, ત્યારે, તેણીના નિભાવનો ખ્યાલ કેમ નહી કર્યો, કે આજે ભીખ માંગવા ઉતરી પડયો ?

રૂસતમ—મ્હારી સંસારી રોટી માટે, મેં અને પીરોજાએ, સાદાઇના આશ સીવા બીજી હોશ રાખીજ નથી. મ્હને થોડાક પૈસા ઉછીના આપ ! ત્હારૂ વેર છોડ ! ત્હારો કહેર કાઢ ! દયા કર ! મસીઆઇ જાલ

દયા કર ! હું જાણું છું કે, મ્હારો કંગાળ હાલ આવ્યો છે, તે, જરથોસ્તી નામ ધરાવતો, મ્હારો મસીઆઈ જાલ ટાગરો.

જાલ—ફક્ત એકજ શરતે !

રૂસતમ—અને, તે શરત, બોલ જાલ બોલ, તે શરત ?

જાલ—એજ કે પીરોજાથી છુટા છેડા !

રૂસતમ—જાલ ! જાલ, ત્હારા નેકુસ્ત વિચારથી બીછાવેલી જાલનો હાલ હું જાણી ગયો, મ્હારી પાસે, ત્હારા કામની સરોબરી કરાવનાર બોલ નથી. છતાં મ્હારી વ્હાલી પાક પીરોજાને, હું જે કાંઇ મજુરી કરી લાવીશ, તે ખવાડી, હું ભુખમારામાં રહીશ, મ્હારા બદનના હાડકે હાડકાં તવાહ જતા પણ, મ્હારા જીવની બાકી રહેલી છેલ્લી શોસ સુધી હું તેની પરસતીશ કરીશ, પણ ત્હારી લાખોની ભોભાં લાલચની લંપટમાં હું કદી લપસીશ નહી ! ખુદા ત્હારા પૈસા સાથે, તુંને નેક જ્ઞાની સુજ પાડે ! સુખી રહે ! જાલ ! સુખી રહે !

ભેરવી ત્રીતાલ.—

તુંડી છોડ એ મનરે—નાતો—અહુર બજનનો વખ્ત ગયો=તુંડી
તુંડી બદનને ખાર કરીદે—જગમાં તુંને હાર કરી દે
સ્નેહ ભાવને હાર ધરીદે—માટે રાખના મનમે,=નાતો અહુર
તુંડી તાણુમાં માન રહે ના—ધ્યાન, શાન, જ્ઞાન રહેના
દોસ્ત પાસની આસ રહેના—માટે રાખના મનમાં,=નાતો અહુર
હસદ હોંસનો સોસ ભરે મદ—ક્રોધ કપટનો રોષ ભરે પદ
અહુર પિતાનો દોષ ભરે ઝટ—માટે રાખના મનમે,—નાતો અહુર

સીન બીજો.

જાલ—(કંટાલેલો માથે હાથ દઇ ટેબલ આગલ બેઠો છે) એ જમાના ! ત્હારો કેવો રંગ ! કેવો ઢંગ ! આજે ત્રણ દિવસ થયા, મ્હારો હાલ કેવો કર્યો ! તુંડીની બેહુંદી જાલમાં, જાલ ફસ્યો ! સોલીસીટરથી મલેલા પત્રથી વારસામાં, મ્હારા નામ ઉપર મોટી દૌલત હતી, તે દીકરીમાં છેલ્લી તારીખના વીલ પ્રમાણે, બીજા નવા નામપર થઇ છે. તપાસમાં દસ્તાવેજ સાચ્ચો બીલોર જેવો છે. મ્હારા શેખીના સ્વપ્ના નિર્મુળ થયા ! મ્હારા મતલબી દોસ્તો પીગલી ગયા ! વારસાની ફુંદમાં, કરજના ટોપલાઓને વાલી આપવાની ફરજની

ગરેજમાં હું મું'જાઇ જાઉછું. અફસોસ! જમાના, ત્હારી રહેમ ક્યાં છે? મને કમુજ હાલત કાંઉ દેખાડી! એ સોબી લોજ ત્હારા થોભ કાં ન કર્યો! મ્હને શુરર કાં બનાવ્યે.? મેં તુંડી કાંય કીધી? કાવલા! કાવલા!

કાવસો—(ગુસ્સામાં આવી) કેમ શેઠ! તમને કેટલીવાર કીયેલું કે કાવલા નામે હાંક મારવો ની! મને કાવસનાં નામથી બોલાવો

જાલ—ઠીક છે. તું હમણા કાઇ બોલતોજ ના! જા મહારો ટપાલ લઇ આવ!

કાવસો—છાબ! તમારો રામો ગીયેસો ઉતો, તે કહેતો આઇવો, કે હજી દુકાણુ બંધ છે, તે અગીયારે ઉઘરછે.

જાલ—એ શુ બકી મરેચ! દુકાણુ શાની!

કાવસો—એ પેલા ટંપાલનીજ તો!

જાલ—નખ્ખોડ ગીયો શુ બકી મરેચ! ટંપાલ શાનો! શુ દારૂની દુકાનમાં મોકલાવ્યો!

કાવસો—હવે, છાબ રહેવા દીયોની! દારૂ, મોવરૂ અને ટંપાલ, એ છંન્ધુ છરખુ-લેવો છેટ જરા મકુજે, આ મકુબાનો ચમતો લીયો!

જાલ—ત્હારા કામથી તો નાખ પર દમ થઇ આયોચ

કાવસો—તેજ કારણુસર, એક ચમટો ભરી જરા લીયો, કે છંન્ધો છરખમ નિચે પરી જહે, અને નીહતો સાતી પર હતર્યો, કો બાપ, છાતીપર- નારગોરીઓ થઇ આવછે

જાલ—જા! જા! મર!

કાવસો—પણુ છેટ મ્હારા પેલા એકઠા કરેલા પગાર સે, બાને છાંને જોઇહે. મ્હારી ધની આવનાર છે.

જાલ—વળી ત્હારોબી ધણી હોય કે!

કાવસો—તમે તો છેટ બધા દાયા બયરાં થઇ રહેલા ઓ હુવે! મ્હારી બાડી ધનને, હું પ્યારના પજરણુમાં પજરીને, ધની કહેતો હુ, તે તે આવનાર સે, સારૂ થીયું કે ફ્રામ રીહેલી.

જાલ—હમણા એક પઇ બી નહી મલશે.

કાવસો—સાલુ પગાર નહી આપો, પણુ જીવનગારો કાં ઉદાવોસ બાપ! મને ની ચાલે.

જાલ—હવે જ! મર! મ્હારા કાગજે કાઇ પોરત મારફતે આવ્યા હોય, તે લાવજે, ટપાલ લાવ, તંપાલ નહી હો.

કાવસો—એમ છાબ ખુશ્નાહાથી બોલોની, હુ ગરીબ મનીખ, કેમ છંધી વાત છમજુ—(ઉભો રહયો)

જાલ—(કાવલાને જોઇને) કેમ તું હજી ઉભો !

કાવલો—છેટ ! છેટ, મેં કાઇ એમ છમજેલું, કે છેટ બે, સાર, દિવસમા નોન નાહવા માગેચ ! મે તો કાઇ માયનું નહી.

જાલ—જા ઉજબખ ! જા અહીથી—

માંગનાર—(કોઇ ધસી આવીને) કેમ શેઠ, હજી, તમે ચેંક કેમ નથી ભર્યો !

કાવલો—(બાજુમા) આ કાઇ નોન નાહવાનો સામાન આવતો જણાય છે બાપા !

જાલ—બાઇ બેસ !

માંગનાર—અમને બેસવાનું પાલવે નહી, અમારા પૈસા બરી દેવો ?" બીલ ચુકવતાં કેટલો કંટાળો !

જાલ—બાઇ મ્હારી પાસે કાંઇ નથી

માંગનાર—માલ લેતા શરમ નહી આવી ! બંડલ બાંધતાં વારથતી, તો ગોડષેમ થતું હતું. ઠીક અમે માલ મતાપર ટાંચ લાવશું—(જાયે છે)

જાલ—ઓ હીણુપસતી, ! ઓ લાચારી ! હેં, હું શું બોલ્યો ! મ્હારા મસીઆઇ ભાઇની હેકડી આજે, મ્હારી સામે ! તોબાહ ! તોબાહ !

માંગનાર—બીજો (અંદર આવી) કેમ બાવા પૈસા આપોચ કે ? એમ વાયદા કરવાના કાયદા પ્રથમમા કેમ નહી કર્યા ?

જાલ—બાઇ થોભ !

માંગનારા બીજો—અમારાથી થોભાય એમ નથી. આજે તમારો વાયદો હતો, હવે વખત લગાડશો તો ફાયદો નથી. કારણકે, તમારા વારસાનું પોગળ, બહાર ખુમરાણ કરી રહ્યું છે, જે વખત જાય છે તેમા, પોલીસના માણુસો બી, તમુને ખેતાબ આપવા આવતાજ હશે

જાલ—ઓ ખુદા ! કમબખ્તી ! કમબખ્તી !

(માંગનારાઓ ખુમરાણ કરે છે—ઇત્યાદી)

રૂસતમ—(અંદર ધસી આવી) શું છે જાલ ! બીરાદર જાલ ! શું છે ! એ આ માણુસો કોણ છે ? ધાંધલ શાની મચાવે છે !

જાલ—(કંગાળ બની ફસકાઇ જતા) કોણ રૂસ્તમ ! રૂસતમ ! ઓ હ્યાનત ! મ્હારી જીંદગી પર હ્યાનત !

રૂસતમ—જાલ ! એમ નહી કર ! શરમ, અને હ્યાનત શાની ! ઉઠ ! મ્હને ખોલાશો કર !

જાલ—મ્હારૂં મોઢું તને કેમ બતલાવીશ ? મ્હારી આંખો ત્હારા પર કેમ ટાંકીશ ! મ્હને માફ કર ! મ્હારા માંગનારાઓથી બચાવી મ્હારી બુઢાઇના બુઢાપાની શરમ તોડ !(ગડગડ રડે)

રૂસતમ—ના એમ ના બોલ ! મ્હારા મસીઆઇ ભાઇનું દુખ તેજ મ્હારૂં દુખ, કાળે ત્હારા હાલ કર્યા, તેમા વેર અને ક્રોધ, શાનો ? (માંગનારાઓ તરફ ફરીને) ભાઇઓ, તમારા, જે કાઇ માંગતા પૈસા હોય, તે, મ્હારા શાપુરજી સુરાતન સરાફની પહેડી પર જઇ માંગશો, તો તરતજ મલશે. તમને ઢીલ થઇ હોય, તો માફ કરજો

માંગનાર-બીજો—વારૂં શેઠ, અમારી તકલીફ બચાવી છે, અમે આભારી થયા

જાલ—ભાઇ રૂસતમ, એ પૈસા ક્યાંથી આપશે ?

રૂસતમ—આજે ત્રણ દિવશ થયા, હું મોટી દોલતનો વારસ થઇ ચુકયો છું હું મ્હારા કામ સર જતો હતો, અને એતેફાક ત્હારા ઘર આગળથી પસાર થતા, મેં કાઇ ઘોંઘાટ સાંભળ્યો, પછી શું બન્યું, તે મ્હારી ફરજમાં સમજી લે !

જાલ—મ્હારા જેવા બુંડ વિચારના મુંર્ખ તરફ ત્હારી ફરજ !

રૂસતમ—જરથોસ્તીની ફરજ, પોતાના બેરીઓને ટાળવાની ફરજ ! ધર્મની મોતેબરી જાળવવાની ફરજ ! જરથોસ્તી કુન્કાનો આતષ ઝળતો રાખવાની ફરજ ! બુલંદ ધરમને બચાવવાની ફરજ ! જરથોસ્તી ધર્મમાં, ક્રોધનો બદલો દયાથી આપવો—તેમા મેં મ્હારી ધર્મ ગરજ સાચવી. જે મ્હારૂં છે ત્હારૂં છે, ત્હારા હાલના દોસ્તથી તું રૂખસદ લઇ, મ્હારે ત્યાં આવી રહે, મ્હારા ધંધામાં, તું જોડાઇ, ત્હારી બલી જીંદગી પુરી કર. અને મઝદાના મહજબને દિપાવ !

જાલ—ધન્ય ! વ્હાલા રૂસતમ ! ધન્ય, જાબુલી રૂસતમ, જોર અને વીરમાં બળવાન થયો, આજનો પારસી જરથોસ્તી રૂસતમ, મયા દયા, અને ડહાપણથી ધર્મ ધીકાવી રહયો છે, ધન્ય !

રૂસતમ—મતલબી માલમાં જાન ગુમાવવો ફોકટ છે, જીવનની ફેરી સફળ કરવી હોય, તો, મનુષ્યની પરસ પર સેવા, અને હેત માન સાચવવા !

બુંડી કહિ રાખશો ના !

રાખો ગુમાની કાંય ! કાંય ! પળભરના જીવને કાં અભિમાન=કાંય
પાપે તણાવો કાંય ? શા માટે કાજે ઠિણુ રૂપે ખાય !
ત્યાં હાર ઘણી ખાય ! ત્યાં ઠાર બની જાય !
સુંદર સ્થાનનો રસ્તો છોડી-કાં તજે શનમાન=કાંય
વૃથા ગઇ જહેમત-છોડે સાથે અહુરની રહેમત
ત્યાં હાલ ગયો રે-ત્યાં કાળ થયો રે
શાંતિ ભુવન છોડના-શોધ અહુરનુ માન=કાંય

બીજો ભાગ—યાને ધર્મ જય !

રસતાનો ખાવ—બાઇદાશ જેવો એકસ્થ ઉદાસ દેખાતો બડબડતો જણાય છે.

કલ્યાણ—(મનથી) (આમતેમ હાથ ફેરવતો વમાસન કરતો) પૈસા ! પૈસા ! પૈસા ! એ મારે લેવા કેમ ? મોઢેની વાત થયેલી, સાચો માણસ સમજી મેં ધીર્યા, અને આ શી મોહકાણ ? પારસીઓ કહિ બૈવચની થાય નહી, અને, આમ કેમ બની ગયું રે બાપ !

કાદર—(કોઇ બાજુમાં આવીને બોલતો જણાયચ) કલ્યાણ ! કલ્યાણ !

કલ્યાણ—(મનમાં બડબડતો) મોહકાણ ! મોહકાણ હાયરે બાપ !

કાદર—(આગળ આવી ખભા પર હાથ મેલી) કેમ કલ્યાણ ! છે શું ? તુંને સાની મોહકાણ નડીય બાઇ ! કાંઇ સમજાવશે ? કેમ, કાંઇ સત્તામાં સોના સવાસો કર્યા તેના હરખમાં ઘેલો થયોય કે કેમ ?

કલ્યાણ—સાચું કહ્યું, આજે દુન્યા સાચાની નથીજ બાઇ ચાદર !

કાદર—બાઇ દુન્યા સાચી નથી અને કાચી છે, એ શું આજે જાણ્યું ? પણ તેને સાચી બનાવવા પછી લોકના ડોલ કાળ રહેશે કે !

કલ્યાણ—ના, બાઇ ચાદર, કાંઇ જવાબ આપી શકાતો નથી.

કાદર—કલ્યાણ ! એ આજે ત્હારૂં મસતક કર્મક મુંઝા આવ્યો દેખાય છે ! ચાદર શેની ? મારૂં નામ તો કાદર મીયાં, અટલા કાદર છે, તું આજે ચાદર, ચાદર, સાનો બકેય ?

કલ્યાણ—પૈસાની મોહકાણમાં, ચિત્ત કોઇ રહેતું નથી, હમણા જ્યાં ત્યાં ચાદરની વાત ચાલી રહીછે, તેજ મ્હારા મનમાં ભમે છે તેથી કાદર નામ બોલતાં ભુલ્યો.

કાદર—પણ છે શું, તે કાંઇ જણાવશે ?

કલ્યાણ—એ બળ્યું જણાવવાનું !

કાદર—પણ કાંઇ કહેશે ? અળી તો ઘરમાં છે ને ?

કલ્યાણ—પેલા ભીખાજી શેઠને ઓળખે છે !

કાદર—કોણ ભીખાજી ! પેલા ભગત શેઠ ? હા, કેમ ! તે તો સારૂ માણસ છે.

કલ્યાણ—બાઇ ચાદર ! અરે નહિ કાદર ! તે સારૂ માણસ છે, એમ ના બોલ બાઇ, હતો એમ બોલ.

કાદર—એટલે ત્યારે, તેવન શું મરી ગયા ?

કલ્યાણ—અરે નહિ, તેવન મરી નથી ગયા, મ્હારા પૈસા તેમને આપેલા હતા, તે મરી ગયા.

કાદર—એટલે કલ્યાણ તું શું એમ કહેવા માગેછે, કે તેવન પચાવી બેઠા.

કલ્યાણ—હા બાઇ, હા આ આ આ—હાયરે મ્હારા પૈસા, પૈસા !—

કાદર— પણ એમ કદિ બનેજ નહી, તેવન ભગત જેવા ભગત છે. ના કલ્યાણ, ત્હારી કાંઇ ભુલ છે. જ્યારે હું તેમની પાસે જાઉં છું ત્યારે, કેવા ભણતા ગણતા દેખાય છે, કલ્યાણ ત્હારી કાંઇ ભુલજ થઇ ગઇ છે. આ સતા બજારના ચોટાંઓથી ત્હારો ધાંટબો ચીપતાતો જાય છે. પારસી કોઇને ઠગી શકે ? મ્હારી વર્ષોની એમની સાથની આદતને કસી અબવલ આવી નથી, કોમ નાની પણ ગુણ જાણી છે—ના, ના, ત્હારૂં માથું ગયું છે, સોના સાથ કીધા તેથી દેવાનાપણું લાગ્યું છે. આવો બંદગી કરનાર કદી એમ હોઇ શકે નહી.

કલ્યાણ—અરે ત્હારી બંદગી ! રહેવા દે ! એવા ધુતારાથી હું ઠગાઇ ગયો, તેની એવી બંદગીની રીતથી ઠગાઇ ગયો છું બાપ ! આ પારસાની જાતજ એવી !

કાદર—ત્યારે શું આવા ભકિત કરનાર, ડોળા આકાશ પર ટાંકનાર ભક્તોબી લોકના દીલમાંથી રક્ત કાઢી, બકારના ઢોંગમાં ધમધમે છે ?

કલ્યાણ—જો સાંભળ ! મ્હારા એમી ચાદર ! અરે કાદર, કોઇ ભકતી કરી કેવા શંસ્થામાં પડયા છે, તે સાંભળ.

શીષ ચઢાવી આંખ્યો વીંચી થઇ એમાં શિ ભકિત ત્હારી.
લાલન પાળનમાં લપટાઇ–પેટ પસારી ખાઇ.
એકલપેટે મોજ મહાલે—છાને રડે છે બાઇ—એમાં શી.
"ધોળો કાળાં" "કાળે ધોળાં" જીંદગી સારી ધોઇ.
વાર વેળાએ જાત્રે યાત્રે કાશી જઇને રોઇ—એમાં શી.
ધુતાની ભરમે દિલના ટુંજીઓ પામરનો વિચાર.
ધંટી વાગી "જમડાજી" ની રામનામ લીધાં બે ચાર—એમાં શી.
માલ ધન જમાવી દઇ બેઠો તું મલકાઇ.
કાઠડીમાં કોઇ ધરસે સમજી ના જતો હરખાઇ—એમાં શી.
કીર્તિ કીધી તીર્થની તેં જપીને માળા.
કિર્તન કામ ન લાગ્યાં—ચતુરાઇ કીધા ચાળા—એમાં શી.
દાન તણી ન વાન લાવે–હીમ્મતની નહિ આણ
રંક તણો તું દાસ થઇ–બરદાશમાં લક્ષ આણ.
એમાં ટુક ભકિત ત્હારી—શીષ ચઢાવી—એમાં શી.

કાદર—ખરેજ ભાઇ કલ્યાણ ત્હારૂં બોલવું રાસ્ત હશે, પણ હું તો બીખાજી ભકતને, જાતે એવી ચાલ ચલાવતા જોઇખાતરી કરીશ નહી ત્યાં સુધી બોલીશ નહી, એમ તો શક માટે હું પણ કાંઇ જાણું છું, પણ તેમ બીખાજી માટે કેમ કઇ માનું ? જો સાંભળ.

શકલ જો સાફ હય—સીરતકી ખબર કિસકો હય
દેખ ખુબી બહારકી—બિતરકી આસ કિસકો હય=શકલ.
દેખલો વહીં આંસમાં—ખુબ રંગ ફયલા રહા
આતી હય ગહન કઇ—વખ્ત, ખબર કિસકો હય=શકલ.
નિકલે વાહ લફ્ઝોં—મુંખારસે કયાં શીરી
નિગાહે નાઝ હય—મગર દમકી ખબર કિસકો હય=શકલ.
આલીમ દસ્ત ઉઠા રહાં—અપની જીદ ઔર તૌરસે
આજ શાહી માન—મગર કલકી ખબર કિસકો હય=શકલ.
આફ્રીન નિમાંઝપે—જો ખુદકી કુછ ગાતા નહી
હસમ કહે વો સાદ હય—જહાં } અહુરા યાદ જીસકો હય
} અલ્લાહ યાદ જીસકો હય=શકલ.

કલ્યાણ—ઠીક ભાઇ ત્હારા શકની વાત સાંભલી, પણ શક, સાચ્ચો પડે તો પછે કેમ ?

કાદર—ચાલ, આપણે સાથે શેઠજીને ઘર જઇશું, તું મ્હારો જન્મનો દોસ્ત છે, જો કે, તું ભાજી તરકારી ખાઇ જીવે છે, અને હું ગોશ સેરવાથી સંભાલ રાખું છુ. પણ ત્હારા કામમાં હું સાચી મદદ આપીશ.

કલ્યાણ—એ વાતમાં એવાં એઠાં બોલ, પ્રભુ ખાતર બોલમા ! મ્હારા પેટમાં અમરા થાયછે અમરા ! ભાઇ કાદર, ત્હારી બહુજ મહેરબાની, એક તો મ્હારા પૈસા મેળવવા મહનેજ ખુશાલી પડશે, અને તેમ નહી બન્યું તો, મ્હારી વાત ખોટી છે, કે ખરી એમ જાણવાનું પણ તને સાધણુ થશે.

કાદર—હા ભાઇ ચાલ ! ત્હારૂં સારૂં થશે, તેમાંજ મ્હારૂં પણ સારૂં, વળી તુંને પૈસા મળશે, અને તું જુઠો પડશે, તે જોઇ હું મજાહ લઇશ, કારણ ભાઇ કલ્યાણ ગુસ્સો ના કરતો,

કલ્યાણ—અરે વાંનીઆના દીકરાને ગુસ્સો કેવો ! બોલ ભાઇ પેટ ભરી બોલ !

કાદર—તમો લોકને, એકવાત સરાહગત કરી લંબાવતાં વાર લાગતી નથી કેટલી વાત વાતમાં દમ નહીં, ને ડુંગરી કોતરી ઉંદર કાઢવા જેવું તમે લોક કરી નાખો છો.

કલ્યાણ—હા ભાઇ એમ છે તો ખરૂં, એ તો જેનું બળે, તેનું જળે !

કાદર—હવે ચાલ જવાદે, આપણે આવતી કાલે, બીખાજી બકતને ઘેર સહવારમાં જશું, એ વેળા શેઠ બંદગીમાંજ ઘણું ખરૂં હોય છે.

કલ્યાણ—ઠીક ભાઇ, જેમ તું કહે એમ કરીશ. (બન્ને જાયે છે.)

સીન બીજો—ઓરડાનો દેખાવ.

ભીખાજી શેઠ, માથે રૂમાલ બાંધી ભણતા જણાય છે જંદગીમા મશગુલ બીજી બાજુમા કાદર, અને કલ્યાણ આવી, શેઠ ન જાણતા હોય, તેમ બાજુમાં ઉભા રહે છે

કાદર=(કલ્યાણને, ઇસારતથી, જો ભાઇ કેવો ભલો માણસ છે)

કલ્યાણ—(ઇસારતથી કાદરને ઠીક ! ઠીકના હાથનો સધીઆનો દાખે છે)

ભીખાજી—(ભણી ઉઠી નજર પડતાં)—ઓહો કાદરભાઇ, આજે કાંઇ સવારમાં મારે ત્યાં—ઓહો કલ્યાણ તમે કેમ ! કાંઇ વાંદરા જેવું મોઢું કરી કાં આવ્યોછ કાંઇ શેર બજારનો આંટો બાઝ્યો છે કે કેમ ?

કલ્યાણ—જી ના, તેવું કશું નથી, હું મ્હારો હીસાબ લાવ્યો છું—

ભીખાજી—અરે ત્હારૂં ભલું થાયરે કલ્યાણ, તું આટલા દિવસ થયા કાં મુવો હતો ! મેં કેટલા દિવસ થયા પૈસા અનામત કાઢી રાખ્યા ને ત્હારો તો પત્તો નહી મળે ! લાવ લાવ, ત્હારા આંકડા કાઢ ! ચાલ સહી કરી નાખ. ભલા આદમીને પૈસા ઉગરાવવાની કાલજીજ નહી મળે—ઉભા રહો, હું સહીનો ખડીઓ મંગાવું.

કલ્યાણ—ના શેઠ ! ના શેઠ ! મ્હારી પાસે સ્ટાઇલોગ્રાફીક પેન છે, હું સ્ટેમ્પપર મારી સહી કરૂં છું.

ભીખાજી—આવ આવ વેંક વેહલો, બેસો કાદર શેઠ, તમારૂં કામ હોય તો ફરમાવજોજી (કલ્યાણ સહી કરેચ)

કાદર—એ તો મ્હારા ભાઇ સાથ, તમો શેઠ આગળ અમસ્યો મુલાકાતે આવ્યો

કલ્યાણ—લેનો શેઠ આ સહી કરેલું બીલ (શેઠ બીલ લઇ, ઓરડા તરફ ચાલવા માંડયું.)

કાદર—કેમ કલ્યાણ ત્હારી ખાતરી થઇ !

કલ્યાણ—હા ભાઇ શેઠની વળણ, અને અલણમાં કાંઇ ઓર વાત થઇ ગઇ

કાદર—અરે મુર્ખા, એતો પારસીઓ એવાજ મોજીલા. એતો કેટલીવાર રમુજ કરેછે, પણ ખોટું નહી કરે. ઇરાન વંશના બચ્ચા છે. એ પારસીઓના આપબળથી તો આપણે પણ આગળ વધ્યા. હિંદના દાદએ હિંદની દાદ કોઇ કમા લાધી ? ફીરોજશા મહેતા, કાંઇ નાના જેવા નેતા ન હતા. હિંદના સીંહરાજ આપણી સામે નથી, પણ તેના વિના આજે હિંદમાં, કેવા તડપડી ફડાફડ થઇ રહી છે ? છતાં આપણે, તેમને માટે કશું પણ કર્યું છે ?

કલ્યાણ—ખરે ભાઇ કાદર હું જીંદગીમાં આજે નવું શીખ્યો, એકાએક કોઇને માટે, શક, અને વસવસો રાખવો નહી. પણ શેઠજી ક્યાં છે ?

કાદર—અરે આવશે ! જરા ધીરો પર ! આવશે ! પૈસા ગણે કે નહી !

કલ્યાણ—અરે ભાઇ તેમ પણ હોય—(જરા રાહ જોઇ ધીરજ ખોઇ દીધી) ભાઇ કાદર, વાર તો ઘણી થવા માંડી ! શેઠજી ક્યાં છે ?

કાદર—(સામે જોઇ)—જો, ભાઇ કલ્યાણ ! શેઠ આવતા જણાય છે

ભીખાજી—(બહાર આવી બન્ને જોઇ) કેમ શેઠવાઓ હજી ઉભા છો ?

કાદર—શેઠ પૈસા લેવા ખોટી છૈયે

ભીખાજી—કેમ કાદરભાઇ, તમેબી શેરડીવાલાનાભાઇ ગંદેરીવાલા થવા લાગ્યા કે!

કાદર—એટલે ! શેઠ હું કાઇ સમજતો નથી

ભીખાજી—પણ તમારૂં કાંઇ ક્યાં ચાલવાનું નથી ભાઈ ધુતારાજી ! મ્હને બધું ખબર છે, તમારા જેવા ધુતારાઓનું ક્યાં ચાલવાનું નથી.

કાદર—તમને શું થુત્યા ! કેમ લુટ્યાં !

ભીખાજી—તો પૈસા લઇ કાગળમા સહી કરી આપ્યા, અને હજી શેખીમાં આવ્યા છો, કે, પૈસા નથી મલ્યા ! ઠીક

કલ્યાણ—ઓ બાપા ! મ્હારા પૈસા ! હાય પૈસા !

ભીખાજી—એ વેન્યા, ત્હારો રડનપાટલો મ્હારે ઘેર નહી ચલાવતો, ચાલ અહીંથી નિકલી ચાલ્યો જા, નહીતો, ઠીક પાંસરો કરાવીશ

કાદર—શેઠ, આ તમારી લાયકી કે !

ભીખાજી—અરે જ્યારે લાયકીવાલા ! જા ! મુંગા મુંગા ચાલ્યા જાવ

કાદર—તમારા બાતલીવાલા શેઠની, ઓલાદને આ માન આપો છો કે !

ભીખાજી— છેક લાંબી વાત કરવી નહી !

કાદર—હમે લાંબી વાત કરવા માંગતા નથી, તમે સોગંદ પર કહો, કે પૈસા અમુને આપ્યા.

ભીખાજી—સોગંદની વાત ક્યાં છે ! બીલ પર સહી છે કે નહી તેજ માત્ર જોઇ લે ! (શેઠ ગયા)

કલ્યાણ—કેમ કાદર શું થાયું ? એ તો ગયા, પાછલે રસ્તેથી પોબાર થશે, જોઇ નગરી.

કાદર—હા ભાઇ જોઇ—હું પણ સાથે મુર્ખ બન્યો

કલ્યાણ—સાંભળ ભાઇ—દુખમાં પણ સંગીત એક સધીઆરો છે

નગરી નવાઇ જોવી હો—તો આંખ તહારી ખોળ !
છેડ નાનું પાડી જો ! તો માંહે પોળ પોળ !
સત સફાઇનાં સાંટા શોધે—સૌ તો બોલે બોલ.'

ઠાકર બાઇ દેખે ત્યારે વાત ગોલ ગોલ.—નગરી.
મરણ તકના સાથી કહીશું—આપે એવા કોલ.
તક મળી કે ફેંકી જશે—એવા સઉના ડોળ—નગરી.

આપવાની તો દયાનત નહિ—પણ રોક જેવું તોળ.
છકકડ ખાઇ બેસીને તું હાથ તારા ચોળ—નગરી.
નમ્રતાનો મર્મ લાગે જાણે મીઠો ગોળ.
હળવે રહીને સાંભળી લે ! રે બેઇજતના ઢોલ—નગરી.
બાથે લઇને દીંબા તાણે—કહેશે મારા લોલ.
દુબળો ! હો ! કે કુબડો હો ! પણ પૈસે તાહારૂં મોલ—નગરી.

કાદર—ખચ્ચીત બાઇ, ત્હારો અનુભવ બહુજ ઓહોલો છે, પણ હરી ઉપર ભરૂશો રાખ ! ત્હારા કરમમાં જવાના હશે, તે ગયાં. (એમ કહી બન્ને ચાલ્યા)

ભીખાજી—(ભરાતો ભરાતો, ચીમાતો ચીમાતો આવતો જણાયે છે) હા, ગયા ! બીચારાઓ ઉલ્લુ બન્યા, ગયા ! મ્હને તો હાલમાં આઇતા મલી ગયા ! હા બંદગી ! બંદગી ! ત્હારી કરામત ન્યારી છે, બનાવવાની ભારી છે

જરબાનું—(બહાર નિકલી) ધુળ પડી એવી બંદગી પર ! એવી બંદગી આખેર બેજારી લાચારી આપનારી જાહી છે.

ભીખાજી—(કકડાવેલા ડોળે) કોણ જર ! હા હા હા હા ! દિકરી એ તો એ... દુન્યા ચાલે, એમ ઝાડ ઝુંડ કરીયે નહીતો ખટલો કેમ ચાલે !

જરબાનું—બસ બન કરો, તમારી બકબક ! હું બધું સમજી વળી છું

ભીખાજી—નાપાક દુકતી, તુંને જર કહેવાને બદલે, હું તુંને ખર કહું તો પણ બસ નથી.

જરબાનું—ભલે તમે, બાપ થઇ, મ્હને ખર ગણો, પણ સચ્ચાઇ મ્હારે સર છે, તેથી મ્હને બીક નથી, કારણ મ્હારો મદદગાર પાક પરવર છે

ભીખાજી—પણ કેહતા શું માંગે છે?

જરબાનું—પેલા ગરીબ કલ્યાણના પૈસા આપી દેરો ?

ભીખાજી—નાદાન છોકરી, પૈસા વગર, આવા લાડ કેમ કરતે !

જરબાનું—શાના લાડ ! આવા ખોટી રીતે મેલવેલા પૈસાના લાડ કરતા, મ્હારા હાડ ઘસડીને, સાદો રોટલો ખાતા શીખવતે, યા હું જાતે રળી ખાઇશ, તો મ્હને દાદાર હજાર ગણી સુખી રાખશે

ભીખાજી—અને આવી હોશીયારી ! એવી હુશીયારી વગર કેમ પાર પડે ?

જરબાનું—ધુળ પડે એવી હુશીઆરી ! તમે કેવી રીતે પૈસા મેલવવા માંગોછો, તે હું જોઇ વળી, બસ મ્હારૂં ચાહવું છે કે, એ બાઇઓના પૈસા પાછા આવી દ્યો !

ભીખાજી—તે કદી નહી બને !

—એક સાચ્ચો જરથોસ્તી, એમા દોઝખની એબ ગણે

. . .ખાજી—ગાંડી છોકરી ! દોઝખ ને બહેસ્ત, એ ત્હારો ધખારો છે

જરબાનુ—ભલે, તે ધખારો છે, સારો છે, કે કારો છે, પણ શાન્તિનો ત્યાં ચારો છે.

ભીખાજી—આ બધી ગ્નાની કયાંથી આવી ?

જરબાનુ—મ્હારા માઝદીયસ્ની મ્હજબમાંથી !

ભીખાજી—ત્યારે હાલ સુધીમાં શું ધારતી હતી ?

જરબાનુ—તમારા ઢોંગથી અંજાણી હતી, પીતાનો પ્યાર અને લાડ સાચી કમાઇના પૈસાથી માનતી હતી.

ભીખાજી—બસ કર ! નાદાન છોકરી ! ત્હારૂં કહેણુ હું કરીશ નહી

જરબાનુ—મ્હારૂં કહેણુ કરવા હું ફરમાવતી નથી, હું તો, તમારા જરથોસ્તી ઝેનનું લેન દેન તમારી પાસે ભરપે કરાવવા માંગું છું.

ભીખાજી—ભોલી ! ભોલી ! જરથોસ્તીઓનું ઝેન, પૈસા વગર કેમ ચેન લાવશે ?

જરબાનુ—ઉપયોગી હાલ, ઉપયોગી ચાલ ! તેજ ચેન, અને સુખ લાવશે

ભીખાજી—ચેન તો શું પણ કંગાળયતપણાની કાળી ચેન ઘરમાં આવશે

જરબાનુ—સાચ્ચી મનસનીમાં, ઝંઝાલીયતની કાવી ચેન, તે છુપા લેબાસમાં બેરામનું બળ સમજીશ–સુરોષની સેવા અહુરની આશા સમજીશ, જીગરના સાચ્ચા બુલંદ આતષની પરસતીશ શમજીશ, જીંદગીનું જાગૃણુ સમજીશ, પણ આવી નજીશ કમાઇ પર સદા ફીટકારની કાટર ચલાવીશ.

ભીખાજી—ત્યારે ગરીબાઇ પસંદ છે ?

જરબાનુ—ગરીબાઇ પસંદ તો શું, પણ આશીરવાદ સમજીશ, કારણ કે ગરીબાઇમાં મ્હારી પાસે, બાપ ભાઇ સગા સનેહી દોલત વન, નહી બી હોય, તો સાચ્ચી ગરીબાઇમાં પાક દાદાર અહુરાજ મ્હારા જીગરમાં ઉમંગની આશા આપતો રહેશે.

ભીખાજી—એ બધું શા આધાર પર રાખ્યું છે ?

જરબાનુ—યેકીન ! યેકીન પર !

ભીખાજી—કયાનું યકીન ? કોણુ પર યકીન ?

જરબાનુ—મ્હારા સ્પીતામાં જરાથુસ્ત્રા પર યકીન ! તેના પંદો પર યકીન, તેના સીધ્ધાંત પર યકીન !

ભીખાજી—ધન્ય છે ! દિકરી ! વ્હાલી જર ધન્ય છે ? ત્હારી નેક મનસની તપાસવા, મ્હારી ત્હારી આંખે દેખાતી ઠગાઇ, તું મ્હને માફ કરશે ?

જરબાનુ—શું ત્યારે, આ દગાઇ નહી તો મશકરી હતી ? બોલો બાવાજી બોલો !

ભીખાજી—મ્હારા વ્હાલાં બચ્ચાં, વ્હાલી દિકરી જર ! મ્હારી તપાસમાં તું સાચી નીવડી છે. હા, ત્હારી આંખે, આ બુમરાણુ થયું છે, પણ મ્હારી પરીક્ષામાં તું પસાર થઇ નિકલી છે, કાદરભાઇ, અને, કલ્યાંણુ મ્હારા સ્નેહી થાય છે, પણ કલ્યાણુને આ વેળા મેં પાક

શીખાડયો છે તે ઉતારશો, પૈસા લીધા વગર જ્યાં ત્યાં ·
તેને પાક શીખાડયો છે તું ભરાઇ, બધું જોતી હતી, તે
જાણતો હતો, અને મ્હારા કામો, તુંને ખોટાં લાગ્યાં, એમ
નથી. તું એ, તે બાઇઓને, પછવાડેના હોલમાં રોકી રાખ્યા હ
તેપણ હું જાણું છું, અને, તેઓને ક્યાં મોકલાવી, તું દિકરી
સાચી હિમ્મત હું વખાણીશ.

જરબાઇ—બાવાજી! વ્હાલા બાવાજી! મરેરે, તમારી દેખઇતી એવી ચાલ
ખરેખર માની હું કેવું કેવું બકી ગઇ! માફ કરશો!

ભીખાજી—એમા માફ નહી, પણ ત્હારા જરથોસ્ત તરફની લાગણીનું
માપ મલ્યું, તે જોઇ હું ખુશી થયો. પાક અહુરા, સર્વે જરથોસ્તી
બાપને ઘર ત્હારા જેવી ધર્મઆસ્થા પર સાચવત રાખતી
દિકરી આપો! જા, જઇને તેઓને તેડી લાવ (જર જાયે છે.) હા! હા!
ખોદા મ્હારા ચેરાગને સુખી રાખો.

અંત સમયના કામમાં—કરજે કામ અનેક
આ ભવે જો પાર રહે—અંત આવશે નેક
સંચી રાખો લાખ પણ—અંતે બનશે ખાક
સાચી સંસ્થા સાચવો—આખર બનશો પાક

ભીખાજી—(નઝર પડતા) આવો! ભાઇ કલ્યાણ આવો! આવો શેઠ કાદર-
ભાઇ આવો. માફ કરજો ભાઇઓ, તમને તકલીફ થઇ. જરા હું
તમારી સાથે મશ્કરીમાં રમ્યો તે દરગુજર કરશો!

કલ્યાણ—વાહ ભીખાજી શેઠ તમારી વાત સાંભલી હું તો બહુજ ચકીત.
છું. મ્હારા ચાદરભાઇ, અરે નહિ, કાદરભાઇએ તમને સરટીફીકેટ
આપી તેજ ખરી નિવડી. માહરા પૈસા મહને બહેનજીએ આપ્યા
છે, તમારી કૃપા થઇ.

કાદર—કેમ કલ્યાણ કાકા? જોયા! શેરના બચ્ચા તે શેરજ હોઇ શકે!
કૈખશરૂના ઇરાની વંશની ખાણ, કદિ જગતમાં ખોટું કરશેજ નહી,
ધન્ય છે ભીખાજી શેઠ! ધન્ય છે, તમારી ચેરાગ દિકરીને!

કલ્યાણ—જય! જય!

ભીખાજી—આખર જય, તે ધર્મ જય! પ્રભુ જય, હરી જય, રાજપિતાની
જય! અહુરાની જય.

મન સાચી સેવા નિત કરજે—ન જુઠ ચલન પર તું મરજે.
હસમત રહેશે હુરમત રહેશે
જગ સ્થળ સ્થળપર ખુશમન હુશમન તું ભરશે.=મન.
પરવરનો તું પ્યારો ઠરજે. વિરદાતામાં ન્યારો ઠરજે.
ચારો ધરજે હરબાઇ જ્યાં. ખાસ અગત જો હો ભાઇ.
ચારો ધરજે ભારો ભરજે અન્નદાતાનો પ્યારો ઠરજે—તું ભાઇ=મન.

GOD SAVE THE KING—**ખુદા રાજાને સલામત રાખો!**